Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 3

ડૉ. સુરેખા કે. પટેલ

અસોસિએટ પ્રોફેસર

સંસ્કૃત વિભાગાધ્યક્ષ

જી.ડી મોદી કૉલેજ ઑફ આર્ટ્સ,

પાલનપુર

# કાલિદાસની કૃતિઓમાં ઋષિ અને આશ્રમ

હિમાલયની મહાનતાને વરેલા કવિકુલગુરુ કાલિદાસ એટલે મનુષ્યના આંતરિક ભાવોનું નિરીક્ષણ કરનાર, શ્રૃંગારનાં બંને પાસાંને અદ્ભુત રીતે પીરસનાર, રસિકજનોના હૃદયને હચમચાવનાર, વૈદર્ભી શૈલીનો સ્વામી, સાક્ષાત સરસ્વતીનો અવતાર તથા નવરત્નોમોનું એક મહામૂલું રત્ન. સંસ્કૃત સાહિત્ય કાલિદાસના યશસ્વી સાહિત્યિક પ્રદાનથી સમૃદ્ધ અને ઉજવળ બન્યું છે. મહાકવિ કાલિદાસ સંસ્કૃતના સર્વશ્રેષ્ઠ કવિ અને નાટ્યકાર તથા કવિતા કામિનીના વિલાસ છે. તેમની રચનાઓમાં ભારતીય સંસ્કૃતિનું પ્રાણતત્વ સમાહિત છે. તેમણે જીવનનાં શાશ્વત અને સાર્વભૌમિક તત્વોનું રચનાત્મક ચિત્ર રજૂ કરી સાચા અર્થમાં વિશ્વ-કવિની ઉપાધિ પ્રાપ્ત કરી છે. સાહિત્યકારોમાં કાલિદાસનું સ્થાન વિશિષ્ઠ છે.

કાલિદાસની કળા-કુશળ લેખનીએ કવિત્વ અને નાટ્યનું અપૂર્વ સામંજસ્ય કરીને સંસ્કૃત સાહિત્ય માટે પરમ આદરણીય રૂપકની રચનાઓ પ્રદાન કરી છે. અંગ્રેજી સાહિત્યમાં જે સ્થાન શેક્સપિયરનું છે, તે સ્થાન સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસનું છે.જોકે શેક્સપિયરને નાટ્યકાર પહેલાં અને કવિ પછી કહેવામાં આવે છે જ્યારે કાલિદાસને કવિ પ્રથમ અને નાટ્યકાર પછી કહેવામાં આવે છે. મહાકવિ કાલિદાસના માનસપટમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અગાધ આદર, વિશ્વાસ અને સ્વાભિમાનની ભાવના ઝલકથી જોવા મળે છે, તેના કારણે જ તેમ નાં કાવ્યોમાં ભારતીય સંસ્કૃતિની સમુજ્જવલ છટા ઝલકતી દ્રષ્ટિગોચર થાય છે.

ત્યાગ,તપસ્યા અને તપોવન કે જે ભારતીય સંસ્કૃતિનાં અભિન્ન અંગ છે. કાલિદાસની કૃતિઓમાં અતિ મનોરમ વર્ણન ઉપલબ્ધ થાય છે. સાહિત્યકારોમાં કાલિદાસનું વિશિષ્ટ સ્થાન છે. વસિષ્ઠ,વાલ્મીકિ,કણ્વ અને મારીચ જેવા ઋષિઓ અને તેમના આશ્રમોનું વર્ણન વાંચીને ભારતીય

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



સંસ્કૃતિ પ્રત્યે મસ્તક શ્રદ્ધાથી અને ગૌરવથી ઉન્નત થઈ ઊઠે છે. કાલિદાસની કાવ્યસંપદાનો અભ્યાસ કરનાર જ્યારે સંતાન પ્રાપ્તિ માટે ચક્રવર્તી સમ્રાટ દિલીપને પોતાની રાણી સુદક્ષિણાની સાથે પોતાના કુલગુરુ વસિષ્ઠ ઋષિના આશ્રમમાં જતાં જુએ છે (रघुवंशम् - सर्ग-૧), દિલીપ રાજા દ્વારા નંદિનીની પરિચર્યાનું વર્ણન વાંચે છે (रघुवंशम् - सर्ग-૨),રાજા રઘુને કૌત્સ દ્વારા વરતંતુના આશ્રમની કુશળતાના સમાચાર પૂછતાં જુએ છે. (रघुवंशम् - सर्ग-૫/૧-૧૧),ગુરુદક્ષિણાની ધનરાશિ સમર્પિત કરવા માટે યાચના પર રઘુને કુબેર ઉપર આક્રમણ માટે જુએ છે (रघुवंशम् - सर्ग-૫/૧૨-૩૫), દશરથને પુત્ર પ્રાપ્તિ માટે સફળ પુત્રેષ્ટી યજ્ઞ કરતાં જુએ છે (रघुवंशम् - सर्ग-૧૦/૧-૮૬). ત્યારે કાલિદાસની કૃતિઓના રસિક,સહૃદયી વાચકોને આ તથ્ય સ્વીકારવામાં કોઈ શંકા નથી કે કાલિદાસનાં કાવ્યોમાં ભારતરાષ્ટ્રનાં બધાં જ ગૌરવપૂર્ણ પ્રતીકોનું આકર્ષક અને પ્રેરણાદાયી વર્ણન થયેલું છે.

તપોવન સંસ્કૃતિ આપણી પ્રાચીન સંસ્કૃતિ છે. તે તપોવનો વિભિન્ન ઋષિકુળોના આશ્રમોથી પરિપૂર્ણ હતા અને આશ્રમો સમાજ જીવનને ઊર્જા પ્રદાન કરનાર સ્ફૂર્તિ કેન્દ્રો જેવા હતા. ઋષિઓ આદર્શ સમાજ જીવનના ધારક હતા.

કાલિદાસની કૃતિઓમાં લગભગ ૧૯ ઋષિઓ અને પાંચ આશ્રમોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કેટલાક ઋષિઓના નિર્દેશ આનુષાંગિક છે, પરંતુ વસિષ્ઠ,વરતંતુ,મારીચ ,ચ્યવન અને વાલ્મિકી ઋષિના આશ્રમોનું વર્ણન ઋષિ-સત્તાના પ્રભાવનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. આ પ્રભાવ પણ કોઈ વિશિષ્ટ પ્રકારના પદ, સંપત્તિ કે પ્રતિષ્ઠાને કારણે ન હતો.પરંતુ ઋષિઓના ત્યાગપૂર્ણ લોક-સમર્પિત આદર્શ વ્યક્તિત્વને કારણે હતો, એ પણ ફલિત થાય છે. ઋષિ, જીવન મૂલ્યોના પ્રતિક રૂપ હતા. અતઃ રાજ્યસત્તા પણ નૈતિક સત્તાનો સમાદર કરતી હતી .

' रघुवंशम् ' માં વસિષ્ઠ ઋષિના આશ્રમનું વર્ણન છે. રાજા દિલીપ અને રાણી સુદક્ષિણા સાયંકાળે આશ્રમમાં પ્રવેશ કરે છે, તે સમયનું કાલિદાસે જે વર્ણન કર્યું છે તેમાં-'सर्वे जनाः सुखिनः भवन्तु' ની વિશ્વ સમસ્તના કલ્યાણની ભાવનાની સંસ્કૃતિનું સુભગ દર્શન થાય છે. એટલું જ નહીં વળી, 'भद्रमिच्छन्त ऋषयः'स्वर्विदस्तपोदीक्षामुपनिषदे दुरगे ।ततो राष्ट्रं बलभोजग्य जात तदस्मै देवा उपसंन्मनतु।'[૧] વાળી વેદવાણીની સાર્થકતાની પણ પ્રતીતિ કરાવે છે.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



વન્ય-પશુઓને પણ ઋષિ અને ઋષિ પત્ની અપત્યની જેમ પ્રેમ કરે છે.આથી જ તો 'રઘુવંશમ્' માં કવિ કહે છે કે-'अपत्यैरिव नीवारभाग धैर्योचितैः मृगेः[2] અર્થાત્ 'શિશુની જેમ માના હાથમાંથી દાણા ખાવા માટે હરણ પર્ણકુટિના દ્વાર પાસે તત્પર હતું. ઋષિ-કન્યાઓ વૃક્ષોને જળ સિંચન કરી રહી હતી. તેમાં પણ સાથે-સાથે -'विहंगानां आलवालाम्बुपायिनाम' [3] અર્થાત્ પક્ષીઓ પણ પાણી પી શકે તેવા હેતુથી કાલિદાસ પ્રદર્શિત કરે છે. સંપૂર્ણ પ્રકૃતિ પ્રત્યે અપત્યની જેમ એક સમાન પ્રેમ પ્રગટ કરનાર ઋષિકુળોનાં હૃદયમાં વાત્સલ્યનું એ કેવું ઝરણું વહેતું હશે ? આમ ઋષિઓના આશ્રમ કેવળ તપ અને મોક્ષની આરાધનાના સ્થૂળ સ્થાન વિશેષ ન રહેતાં સંસ્કાર-કેન્દ્ર બની ચુક્યાં હતાં. મનુષ્ય ભોક્તા તથા બાકીની સૃષ્ટિ તેની ભોગ્યા હોવાની સ્વાર્થી, વ્યક્તિ નિષ્ઠ કલ્પના ન હતી. તેનાથી વિપરીત ઋષિઓએ ચરાચર સૃષ્ટિને સમષ્ટિનિષ્ઠ જોઈ હતી. પશુ-પક્ષી અને વનસ્પતિ જગત પણ સમાજજીવનનાં એક અવિભાજ્ય અંગ હતાં. અતઃ પ્રકૃતિનું શોષણ નહીં પરંતુ દોહન કરવાનો સંદેશ આપતા હતા. તે આશ્રમ બૃહદ્ વિશ્વ-પરિવારના લઘુ સ્વરૂપ જેવા હતા. વિશ્વ બંધુત્વની ભાવના અહીં સજીવ હતી.

'अभिज्ञानशाकुन्तलम्' માં કણ્વઋષિના આશ્રમનું આવું જ સુંદર વર્ણન પ્રાપ્ત થાય છે. સંસારના કોલાહલ અને અશાંતિથી દૂર નગરની બહાર રહેલ તપોવન ધાર્મિક વાતાવરણથી પૂર્ણ હતાં. આશ્રમનું વાતાવરણ એટલું બધું શાંત અને પવિત્ર રહેતું હતું કે આશ્રમવાસીઓ જ્યારે નગરથી પાછા ફરતા હતા ત્યારે તેમને અરુચિ ઉત્પન્ન થતી હતી.[4] આશ્રમના પ્રવેશ દ્વાર પર જ ત્યાંની શાંતિથી મનુષ્યનું હૃદય પ્રભાવિત થયા વિના રહેતું ન હતું. દૂરથી જ પક્ષીઓના માળાઓમાંથી નીચે પડેલ નીવાર, ઇંગુદીનાં બીજને તોડવાના પથ્થર, વિશ્વાસપૂર્વક નિર્ભયતાથી ફરતાં હરણાં તથા વલ્કલમાંથી ટપકતાં જળબિન્દુઓની રેખાને જોઈને અનુમાન થઈ જતું હતું કે ચોક્કસ અહીં નજીકમાં કોઈ તપોવન છે જ.[5] આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે તપોવનના વાતાવરણમાં ક્યાંય કૃત્રિમતા ન હતી. પ્રકૃતિના સૌંદર્યનું તે ખુલ્લું ક્ષેત્ર હતું. મૃગ વગેરે કોઈપણ ભય વિના અહીં- તહી ચરતાં હતાં.[6]

શકુન્તલાની બાલ્યાવસ્થા હરણ વગેરે પશુઓ અને વનજ્યોત્સના, મલ્લિકા આદિ લતાઓ તથા આંબા વગેરે વૃક્ષોની વચ્ચે વ્યતીત થયું હતું. પ્રાકૃતિક સૌંદર્ય પૂર્ણરૂપે તપસ્વીઓના આશ્રમોમાં સરળતાથી જોઈ શકાય છે. આ બધા પ્રાકૃતિક વાતાવરણને દુષ્યંત-શકુંતલાનું ચિત્ર બનાવતી વખતે ચિત્રિત કરવાનો પ્રયાસ કરે છે. આશ્રમના પાછળના ભાગમાં માલિની નદી કે

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



જેના તટની રેત ઉપર હંસનાં જોડાં બેઠેલાં હોય, બંને બાજુ હિમાલયની તળેટીમાં કે જ્યાં હરણાં બેઠેલાં હતાં,એક વૃક્ષ પર લટકતાં વલ્કલ અને તે વૃક્ષની નીચે એક હરણી પોતાના ડાબા નેત્રને કાળા હરણથી રગડીને ખંજવાળી રહી હોય.[૭] સ્થળ- સ્થળ પર સ્થળ પર પર્ણકુટિ, વચ્ચે-વચ્ચે લતાગૃહ, કુંજ આદિમાં પથ્થરની શિલાઓ વિશ્રામ માટે પડી રહેતી હતી. તે કેવળ સૌંદર્ય માં જ વધારો કરતી ન હતી પણ મધ્યાહનની અત્યધિક ગરમીમાં શાન્તિ પણ આપતી હતી. શાંતિ અને સંતોષ આશ્રમના વાતાવરણની ખાસિયત હતી. વિશ્વબંધુત્વ અને અહિંસા વૃત્તિ તેમનાં આ સહજ, સ્વાભાવિક, નૈસર્ગિક સૌંદર્યનું રહસ્ય કહી શકાય.

'अभिज्ञानशाकुन्तलम्' માં કણ્વઋષિના આશ્રમનો એક પ્રસંગ ઉલ્લેખનીય છે. આશ્રમ જ્યાં હોય ત્યાં વન પણ નિર્ભય બની જતાં હતાં. કણ્વઋષિના આશ્રમનો બ્રહ્મચારી પણ દુષ્યંત જેવા સમ્રાટને કહી શકે છે કે-'भोः भोः राजन् ! आश्रम मृगोऽयं न हन्तव्योः हन्तव्योः।[૮] અને કહે છે કે 'સારી રીતે તાકેલું તમારું બાણ પાછું ખેંચી લો. તમારું શસ્ત્ર પીડિતોના રક્ષણ માટે છે, નિર્દોષ ઉપર પ્રહાર કરવા માટે નથી '[૯] આ સાંભળીને રાજા

પણ ધનુષ્ય ઉપરથી બાણ ઉતારી લેતા.

આશ્રમ, સમાજ માટે સંસ્કાર કેન્દ્ર હતા. આથી જ શાસક સમ્રાટ પણ તેમની મર્યાદા રાખતા હતા. સ્વયં દુષ્યંતના શબ્દોમાં જોઈએ તો-'विनीतवेषेण प्रविष्टव्या तपोवनानि नाम' [૧૦] અર્થાત્ 'તપોવનમાં તો વિનમ્રતાથી પ્રવેશ કરવો જોઈએ'. ત્યાં શસ્ત્ર અને શ્રૃંગાર (અલંકાર)નું પ્રદર્શન ન કરવું જોઈએ.[૧૧] રાજા પણ રથને આશ્રમની બહાર મૂકીને ચાલતા- ચાલતા આશ્રમમાં પ્રવેશ કરતા હતા. ક્યારેક રાજા સ્વયં અથવા પોતાના પ્રતિનિધિને આશ્રમની સુખાકારીની દેખભાળ કરવા માટે મોકલતા હશે. આથી જ તો રાજા દુષ્યંત પોતાને છુપાવતાં કહે છે- 'यः पौरवेण राज्ञा धर्माधिकारे नियुक्तः' 'सोऽहमविघ्नक्रियोपलम्भाय धर्मारण्यमिदम् आयातः' [૧૨] રાજા દ્વારા નિયુક્તિ પામેલા ધર્માધિકારીના રૂપમાં ધર્મક્રિયા માટે આવ્યો છું, આવું બહાનું બતાવ્યું હતું.

શાસક સમ્રાટ સલાહ-સૂચન માટે ઋષિઓ પાસે જતા હતા. તેઓ જ્યારે આશ્રમમાં જતા હતા ત્યારે તેમને કોઈ વિશિષ્ટ સુવિધાઓ આપવામાં આવતી ન હતી. રાજાના સેવક પણ રાજાની સાથે ત્યાં આશ્રમમાં રહેતા ન હતા. ત્યાં આશ્રમમાં રાજા સંપૂર્ણ આશ્રમ જીવન જ જીવતા હતા. સાદગી અને સદાચારના પાઠ શીખતા હતા. રઘુવંશી રાજા દિલીપ જ્યારે પુત્રરત્નની પ્રાપ્તિના આશીર્વાદ લેવા માટે વશિષ્ઠ ઋષિના આશ્રમમાં ગયા હતા ત્યારે વશિષ્ઠ ઋષિએ તેમને માટે ભોજનમાં કંદમૂળ

Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com
Volume - 3

અને કુશની ચટાઈનો પ્રબંધ કર્યો હતો.[૧૩] કુલપતિ વસિષ્ઠ ઋષિએ જે પર્ણકુટી બતાવી તેમાં રાજા દિલીપ બ્રહ્મચર્યનું પાલન કરતાં રાણી સુદક્ષિણાની સાથે કુશની ચટાઈ પર સૂઈ ગયા હતા અને વસિષ્ઠે તેમનું અનુમોદન કર્યું હતું,આ પ્રસંગ પણ આ વાતની પુષ્ટિ કરે છે. ઋષિ વરતંતુનો શિષ્ય કૌત્સ રઘુ રાજાની પાસે ધનની યાચના કરવા ગયો ત્યારે રઘુએ સર્વપ્રથમ આશ્રમની કુશળતા બાબતે પૂછ્યું હતું. અહીં, ઋષિ મંત્રદ્રષ્ટા અને કુશાગ્ર બુદ્ધિવાળા હોવાનો સંકેત પણ પ્રતિત થાય છે.[૧૫] આવું પૂછીને જળાશયોની પર સૂઈ ગયા હતા.[૧૪] આ પ્રસંગ 'रघुवंशम्' માં કરેલ વર્ણનનું પ્રમાણ છે. ટૂંકમાં, રાજસી ઠાઠ છોડીને સામાન્ય જનતાની જેમ જ જનતાની વચ્ચે રહીને સામાન્ય જન-જીવનનો અનુભવ લેવાની પદ્ધતિ હતી.

આશ્રમોની સુરક્ષાને શાસક રાજા પોતાનો ધર્મ સમજતા હતા. દુષ્યંત કહે છે કે-'यथा न मे सैनिकाः' અર્થાત્ મારા સૈનિકોને નિયંત્રણમાં રાખજો કે જેનાથી તપોવનને કોઈ હાનિ ન પહોંચાડે. કોઈપણ પ્રકારનો ઉપદ્રવ ન કરે. કણ્વની અનુપસ્થિતિમાં યજ્ઞ કાર્યમાં મુશ્કેલી ઊભી કરનાર રાક્ષસોની સામે આશ્રમવાસીઓના રક્ષણ માંગવાથી દુષ્યંત યજ્ઞના રક્ષણ માટે સુસજ્જ રહેતા હતા.

'रघुवंशम्' માં ઋષિ વિશ્વામિત્રે યજ્ઞના રક્ષણ માટે રાજા દશરથની પાસે રામ-લક્ષ્મણ માગણી કરી હતી વૃદ્ધિની પણ ચિંતા બતાવી છે. અને 'त्वं सम्यग् विनीयानुमतो गृहाय' [૧૬] અર્થાત્ આપને પૂર્ણ શિક્ષણ આપીને જ ગુરુ ઘેર જવાની અનુમતિ આપે છે ને ? આવો પ્રશ્ન પૂછી શિક્ષણ-સંસ્થાની જાગૃતતા પણ રઘુએ પ્રગટ કરી છે.

આ પ્રમાણે કાલિદાસે પોતાની કૃતિઓમાં ઋષિ-જીવન, તપોવનો અને આશ્રમોનું મહત્વ પ્રતિપાદિત કર્યું છે. આ આશ્રમ સમાજ-ગઠનનું કાર્ય કરતા હતા. પ્રત્યેક આશ્રમ એક વિશ્વવિદ્યાલય જેવા હતા અને તેમની વિશેષતા એ હતી કે ત્યાં ન તો કોઈ પ્રવેશ-મૂલ્ય લેવામાં આવતું હતું કે ન કોઈ ઉંચ-નીચનો માનદંડ હતો. બધા જ શિષ્યોને સમાન સ્નેહ અને શિક્ષણ પ્રાપ્ત થતું હતું. કાયિક, વાચિક અને માનસિક શુદ્ધિ ઉપર ભાર આપવામાં આવતો હતો. કણ્વના આશ્રમમાં શારંગરવ અને શારદ્વત નામના સામાન્ય વર્ગના શિષ્યો હતા. 'रघुवंशम्' માં ઋષિ વરતંતુનો શિષ્ય કૌત્સ પણ સાધારણ પરિવારમાંથી જ આવેલો હતો. આથી ગુરુએ દક્ષિણા માટે ના પાડી હતી. બીજી તરફ શ્રીરામના પુત્ર લવ-કુશ, દુષ્યન્ત-પુત્ર ભરત તથા પુરુરવાનો પુત્ર આયુ રાજપુત્ર હતા

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



છતાં પણ તેઓને આશ્રમમાં કોઈ વિશેષ સુવિધાઓ મળતી ન હતી. આશ્રમ-જીવન બધા માટે સમાન હતું.

કોઈ નિશ્ચિત પરીક્ષા પદ્ધતિ ન હતી. સ્વાધ્યાય નિયમિત થતા હતા. કોઈ પણ સ્થળ કે સમયે શિષ્યો પરીક્ષા આપવા તૈયાર હોય તેવો આત્મવિશ્વાસ તેમનામાં જગાવવામાં આવતો હતો.ઉત્તીર્ણ-અનુત્તિર્ણ જેવી મૂલ્યાંકનની કોઈ પદ્ધતિ ન હતી. સર્વાંગીણ શિક્ષણ પ્રાપ્ત કરવું એ જ લક્ષ્ય હતું. ગુરુને સંતોષ થાય ત્યારે શિષ્યનું શિક્ષણ પૂર્ણ થયું કહેવાતું. વિદ્યાપ્રાપ્તિ માટે કોઈ પ્રમાણપત્રની આવશ્યકતા કાલિદાસે બતાવી નથી. એવા શિષ્યો અવસર પ્રાપ્ત થતાં સફળતા પ્રાપ્ત કરતા હતા અને તેઓ પોતાની યોગ્યતાના આધારે સમાજમાં પોતાનું સ્થાન બનાવી લેતા હતા. આ જ્ઞાન કેવા પ્રકારનું હતું, તે રઘુ-કૌત્સ સંવાદમાં જોવા મળે છે. આ જ્ઞાન પૂર્ણ અને સૂર્યની સમાન જગતને ચેતના પ્રદાન કરનારુ હતું.

અહીં ,ગુરુ-શિષ્યના સંબંધોમાં અદભુત સામંજસ્ય હતું. ગુરુ, ગૃહસ્થ જીવન વ્યતીત કરતા હોવા છતાં પણ ત્યાગ એમનો શ્રૃંગાર હતો અને વાત્સલ્ય તેમનો સ્વભાવ હતો. ગુરુ-પત્નીઓ પણ શિષ્યોની માતાઓ સમાન બનતી હતી આથી અનુશાસનનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો. જોકે આશ્રમ પરંપરાનો ભંગ કરનાર રાજપુત્રને પણ માફ કરવામાં આવતો ન હતો. પુરુરવાના પુત્ર કુમાર આયુએ ચ્યવન ઋષિના આશ્રમની પરંપરાને ખંડિત કરી તેથી તેને આશ્રમમાંથી કાઢી મૂક્યો હતો, એવો નિર્દેશ 'विक्रमोर्वशीयम्' નાટક (અંક-૫)માં આપણને પ્રાપ્ત થાય છે. તેને એક તાપસી સાથે રાજગૃહ પાછો મોકલી દેવાયો હતો અને તેને ઋષિ દ્વારા રાજગૃહે પાછો કેમ મોકલી દેવાયો તેનું કારણ પણ તાપસીએ રાજા સમક્ષ કહ્યું હતું કે- કુમારના આશ્રમ વિરુદ્ધ આચરણ કરવાને કારણે ચ્યવન ઋષિએ તેને આશ્રમમાંથી પરત મોકલી દીધો છે. બાળક પોતાના આશ્રમમાં છે ,અતઃ અનુશાસન બનાવી રાખવા સિવાય તેના યોગ-ક્ષેમની, તેના માતા-પિતાના ઉત્તરદાયિત્વની સભાનતા પણ અહીં, અભિવ્યક્ત થઇ છે. તેને તાપસી દ્વારા પરત મોકલવામાં આવ્યો, એટલું જ નહીં એના પિતાને સોંપતી વખતે આયુને આશ્રમમાંથી પરત મોકલવાનું કારણ પણ સ્પષ્ટ બતાવવામાં આવ્યું. છતાં પણ રાજાએ તાપસીને સન્માનિત કરી, આ બંને લક્ષણ ઉલ્લેખનીય છે.

આ શિક્ષણનું એક મહત્વપૂર્ણ અંગ હતું, નિસ્પૃહ વૃત્તિ. ईशावास्यउपनिषद् નું 'तेन त्यक्तेन भुञ्जीथा' સૂત્રનું જવલંત ઉદાહરણ કૌત્સ છે.રઘુ, યજ્ઞ પછી બધી જ ચીજ-વસ્તુઓ દાનમાં આપી

Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com
Volume - 3

ચૂક્યા છે. બધા ભંડાર ખાલી કરીને બેઠા છે, આથી કૌત્સે અન્યત્ર યાચના કરવા માટે વિચાર્યું, પરંતુ રઘુએ તેને આવું કરવા બાબતે અટકાવ્યો અને કુબેર દ્વારા સુવર્ણ મુદ્રાઓનો વરસાદ કરાવ્યો. કૌત્સ, ગુરુદક્ષિણા માટે આવશ્યક કેવળ ૧૪ કરોડ સુવર્ણ મુદ્રાઓનો સ્વીકાર કરવાનો આગ્રહ રાખે છે જ્યારે રઘુ બધા જ ધનનો સ્વીકાર કરવા માટે આગ્રહ કરે છે.[૧૭] ત્યાગના આ મીઠા ગજગ્રાહને કાલિદાસ આ રીતે આ રીતે પ્રસ્તુત કરે છે. સાકેતના પ્રજાજનોએ અદ્ભુત પ્રશંસનીય આચરણ જોયું. એક તરફ અધિક ન ગ્રહણ કરવાનો આગ્રહી યાચક અને બીજી તરફ યાચનાથી અધિક આપવાની ઈચ્છા રાખવાવાળો રાજા.

ત્યાગ,તપ અને સમર્પિત જીવનને કારણે જ ઋષિ, સમાજ જીવનના ધારક ગણવામાં આવતા હતા. સમાજ, તેમની આવશ્યકતાઓની પણ હૃદયપૂર્વક ચિંતા કરતો હતો અને જ્યારે જ્યારે આશ્રમોને કોઈ ચીજ- વસ્તુની આવશ્યકતા પડતી હતી ત્યારે તે નિસંકોચ,સાધિકાર માંગી લેતા હતા અને તેને પૂર્ણ પણ કરવામાં આવતી હતી. આ તથ્ય પણ આ પ્રસંગથી ફલિત થાય છે.

ઋષિ ગૃહસ્થ હતા,સંસારી હતા આથી સ્વાનુભવથી પણ તેઓ ગૃહસ્થોને માર્ગદર્શન આપી શકતા હતા. કાલિદાસની કૃતિઓમાં ઉલ્લેખિત ઋષિઓમાં કણ્વ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા છતાં પણ અન્ય દ્વારા દુષ્યંતને કહેવડાવે છે કે -'વનમાં નિવાસ કરવા છતાં અમે લોક-વ્યવહારથી પરિચિત છીએ.'[૧૮] 'अभिज्ञानशाकुन्तलम्' માં તો દેવર્ષિ મારીચે તો ગૃહસ્થાશ્રમનું સુંદર ચિત્ર રજૂ કર્યું છે. 'આજ સૌભાગ્યથી આ પતિવ્રતા શકુંતલા આ શ્રેષ્ઠ બાળક(સર્વદમન)અને તમે(દુષ્યન્ત) ત્રણેય એવી રીતે ભેગા મળ્યા છો, જેમ શ્રદ્ધા ધન અને ક્રિયા ત્રણેય એકસાથે એક સાથે મળી જાય.'[૧૯]

ગૃહસ્થાશ્રમને પણ જે રીતે ઋષિ યોગ્ય કર્મના રૂપમાં નિરૂપિત કરે છે. યજ્ઞમાં શ્રદ્ધા,ધન અને વિધિની આવશ્યકતા રહે છે. ગૃહસ્થાશ્રમમાં સાધ્વી સ્ત્રી શ્રદ્ધા છે, સદગુણી પુત્ર ધન છે અને ગૃહસ્થ વિધિ સ્વરૂપ છે. શકુન્તલાને વિદાય આપતા કણ્વની શિખામણ પણ સારગર્ભિત છે અને તાપસીઓ દ્વારા કરવામાં આવેલ વિધિવત સ્વસ્તિવાચન પણ સ્ત્રીના અધિકાર અને ક્ષમતાની દ્યોતક છે.

આ ઉપરાંત ઋષિ અને આશ્રમ નિરાધારના આધાર બનતા હતા એ આપણને કાલિદાસની કૃતિઓમાં જોવા મળે છે. વિશ્વામિત્ર અને મેનકા દ્વારા ત્યજાયેલ શકુન્તલાની કણ્વ ઋષિએ હૃદયપૂર્વક દેખભાળ કરી, તેને સંસ્કાર આપ્યા અને પુત્રીની જેમ વિદાય કરી. શકુન્તલાનો પરિચય આપતાં અનસૂયાના શબ્દ કેટલા ભાવ વાહી છે ?

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



' उज्जितायाः शरीरसंवर्धनादिभिस्तातकण्वोऽस्याःपिता '(अभिज्ञानशाकुन्तलम्' अङ्क-१) મહર્ષિ કણ્વ,કાશ્યપ ગોત્રનાછે, જન્મથી બ્રહ્મચારી છે, પરંતુ શકુન્તલાનું પાલન-પોષણ કરવાને લીધે તેના માટે પિતાતુલ્ય છે. દુષ્યન્તે શકુન્તલાનો પરિત્યાગ કર્યો ત્યારે પણ ઋષિ મારીચ અને ઋષિપત્ની અદિતિએ તેની દેખભાળ કરી, પુત્ર-જન્મ કરાવ્યો અને (ભરત) સર્વદમનને સંસ્કારિત કર્યો. રામે, સીતાનો ત્યાગ કર્યો ત્યારે વાલ્મીકિએ તેને સંભાળી અને લવ-કુશને રાજપુત્રોને યોગ્ય શિક્ષણ આપ્યું. 'विक्रमोर्वशीयम्' નાયક પુરુરવાની પત્ની ઉર્વશીએ તો એક શાપને કારણે ગુપ્તરૂપે પુત્ર આયુને ચ્યવન ઋષિના આશ્રમમાં રાખ્યો હતો. પિતા દ્વારા પુત્રનું મુખ જોઈ લીધા પછી પતિ વિયોગ થવાનો ભય હતો, આથી આશ્રમમાં રાખ્યો હતો. પુત્રને આશ્રમમાં એવી શ્રદ્ધા સાથે રાખ્યો હતો કે અહીં તેની યોગ્ય પરવરીશ થશે તથા આદર્શ શિક્ષણ પ્રાપ્ત કરશે. આ પ્રકારે આશ્રમ અને ઋષિ નિરાધારના આધાર બનતા કાલિદાસની કૃતિઓમાં જોવા મળે છે.

ઋષિઓના અભિશાપ પણ કોઈને કોઈ સામાજિક દુષણની પરિસ્થિતિના ઉપકરણ રૂપે નજરે પડે છે. દુર્વાશાના શાપથી શકુન્તલાની આત્મશોધનની પ્રક્રિયા શરૂ થઈ. પ્રેમ એટલો પણ અંધ ન હોવો જોઈએ કે જેનાથી સમાજ ધર્મથી ચલિત થઈ જવાય. મહારાજ અજની પત્ની ઈન્દુમતી શાપિત અપ્સરા હતી. ઋષિ તૃણ બિંદુનો તપભંગ કરાવવાના હેતુથી પૃથ્વી ઉપર આવીને ગૃહસ્થ સન્નારીના સંસ્કાર પ્રાપ્ત કરવાનું ઉપકરણ શાપ બન્યો. માતંગ ઋષિએ ગંધર્વરાજ પ્રિયદર્શનના પુત્રનો ગર્વ ઉતારવા માટે શાપ આપ્યો હતો. આ બધાં રઘુવંશનાં ઉદાહરણ છે. દરેક શાપનું એક નિવારણ પણ હતું. આ બાબત દર્શાવે છે કે આનો હેતુ સંસ્કારોની સુવાસ ફેલાવવાનો જ હતો. રાજા દિલીપે રાષ્ટ્રના અર્થતંત્ર રૂપ કામધેનુનો અનાદર કર્યો. વાસ્તવમાં ગાય સમગ્ર પ્રાણીસૃષ્ટિનું પ્રતીક છે તેની અવગણના અભિશાપિત થઈ અને તેની સેવા દ્વારા જ તે શાપનું નિવારણ થયું.

આ પ્રમાણે કાલિદાસની રચનાઓમાં ઋષિ, સમાજ માટે દીપ-સ્તંભ રૂપે ઊભેલા જણાય છે. રાજ્ય સત્તા ઉપર નૈતિક મૂલ્યોનું નિયંત્રણનું પ્રતીક છે. અહીં પર્યાવરણની સુરક્ષા હતી. જીવનનું ચિંતન હતું. સૃષ્ટિની સમગ્રતનો વિચાર કરીને અભેદ સર્જનની વૃત્તિ-પ્રવૃત્તિ થયેલી છે. વાસ્તવમાં કાલિદાસ, ભારતીય સંસ્કૃતિના ઉદ્ગાતા હતા અને આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

............................

- <u>પાદટીપ</u>

१. अथर्ववेद :१९/४१/१

२. रघुवंशम् :१/५० अभिज्ञानशाकुन्तलम् -१/१४

३. अभिज्ञानशाकुन्तलम् -१/५१

४. अभिज्ञानशाकुन्तलम् -५/१०,११

५. अभिज्ञानशाकुन्तलम् - १/१४

६. अभिज्ञानशाकुन्तलम् - १/१४

७. अभिज्ञानशाकुन्तलम् - ६/७

८. अभिज्ञानशाकुन्तलम् - अङ्क-१/९ મા શ્લોક પછીનો વૈખાનસનો સંવાદ

९. अभिज्ञानशाकुन्तलम् - १/११

१०. अभिज्ञानशाकुन्तलम् - १/१५ પછીનો રાજાનો સંવાદ

११. अभिज्ञानशाकुन्तलम् - १/१५ પછીનો રાજાનો સંવાદ

१२. अभिज्ञानशाकुन्तलम् - अङ्क-१

१३. रघुवंशम्-१/९४

१४. रघुवंशम्-१/९५

१५. रघुवंशम्- ५/४-८

१६. रघुवंशम्- ५/१६

१७. रघुवंशम्- ५/१७

१८. अभिज्ञानशाकुन्तलम् - अङ्क-४

१९. अभिज्ञानशाकुन्तलम् - ७/२९

.....................

- **सन्दर्भग्रन्थाः**

१. अथर्ववेदसंहिता - संपादकः श्रीपाद दामोदर सातवलेकर पारडी, जि.वलसाड, चतुर्थ संस्करण

२. इशोपनिषद - सानुवाद शांकरभाष्यसहित, प्रकाशक- घघनश्यादास जलान, गीता प्रेस गोरखपुरपुर, पंचम संस्करण, सं.२०२२

३. कालिदास ग्रन्थावलि - संपादक- रेवाप्रसाद द्विवेदी, काशी हिन्दू विश्वविद्यालय, वाराणसी, द्वितीय आवृत्ति,१९८६

............................